સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનું મુખપત્ર

# પટેલ સુવાસ

Year : 40 ❖ Issue : 12 ❖ Retail Price ₹.35 ❖ Total Pages : 52
Annual Subscription : ₹.300/- ❖ March-2018



8 March : Internationa Women's Day
નારીશક્તિ વિશેષ

મારી લાડલી રે!

## ત્યાગ-સમર્પણનું અક્ષયપાત્ર એટલે દીકરી

### સરદારને અસરદાર બનાવનાર દીકરી : મણીબહેન

ધન્ય ધરા ભારતની, યશગાથા નારીની...

**કવર સ્ટોરી** - દિવ્યેશ વેકરિયા

## નારી એ સમગ્ર પ્રકૃતિ છે, પુરુષ માત્ર તેનો ભાગ છે

હમણાં એક રિપોર્ટ વાંચ્યો અને ધ્રાસકો પડી ગયો. આ છે, આજનો આધુનિક સમાજ? માનવ જીવનનો પ્રથમ આધાર સ્ત્રી-પુરૂષનું સંતુલન છે, જેને આપણે આપણે વેર-વિખેર કરી નાખ્યું છે. આપણે કઈ આઝાદીની વાત કરી રહ્યાં છીએ? આપણી આવનારી પેઢીને ક્યાં વિકાસની વાતો કરીશું? આપણે કઈ સિદ્ધિની પ્રાપ્તિ કરી છે? **૨૦**




| | | | |
|---|---|---|---|
| તંત્રી સ્થાનેથી... | આંગણે દીકરી રૂપી ફુલ ખિલશે, તો વસંતને પણ મુરઝાવાનો ડર નહિં લાગે... | | ૦૭ |
| સંસ્થા સમાચાર | મહિલા સશક્તિકરણ માટે રક્તદાન શિબિર યોજાઈ | | ૦૮ |
| | મોટિવેશનલ કાર્યક્રમથી વિદ્યાર્થીઓને મોટીવેટ કરાયા | | ૦૯ |
| ધ હીરો | તમારી જાતને જાણો! | દિવ્યેશ વેકરિયા | ૧૦ |
| આદર્શ પત્ની | સમગ્ર દેશના બા : કસ્તુર બા | જીતેન્દ્ર પટેલ | ૧૭ |
| આદર્શ પુત્રી | સરદારને અસરદાર બનાવનાર દીકરી : મણીબહેન | યોગેશ પટેલ | ૨૦ |
| કવર સ્ટોરી | નારી એ સમગ્ર પ્રકૃતિ છે અને પુરૂષ માત્ર તેનો ભાગ છે | દિવ્યેશ વેકરિયા | ૨૨ |
| લગ્ન વિષયક | | | ૨૭-૩૦ |
| ફતેહ | અપૂર્ણતામાં ઉછરેલી પૂર્ણાંનું મિશન એવરેસ્ટ પૂર્ણ! | પ્રસન્ન સનાતની | ૩૧ |
| સફળતા | આપબળે સંપત્તિનું સર્જન કરનારી નારીશક્તિ | દિવ્યેશ વેકરિયા | ૩૪ |
| સાહસ | ખતરોં કી ખિલાડી : મારિયા લિજરસ્ટામ | યોગેશ પટેલ | ૩૭ |
| શરૂઆત | ધન્ય ધરા ભારતની, યશગાથા નારીની... | | ૪૦ |
| પદાર્પણ | સિનેમાના ચોપડે નારીશક્તિનો ચમત્કાર | યોગેશ પટેલ | ૪૬ |



**સંપાદક મંડળ**
શ્રી દેવજીભાઈ એમ. સોજીત્રા
શ્રી હિંમતભાઈ બી. કસવાળા
શ્રી પરસોત્તમભાઈ બી. કકાણી
શ્રી પ્રાગજીભાઈ પી. ગામી

**સલાહકાર સમિતિ**
શ્રી વલ્લભભાઈ કાકડિયા
શ્રી ધરમશીભાઈ મોરડિયા
શ્રી રવજીભાઈ વસાણી
શ્રી ગુણવંતભાઈ સોજીત્રા
શ્રી બાબુભાઈ શેલડીયા
શ્રી પુરૂષોત્તમભાઈ ગેવરિયા



**પટેલ સુવાસ**

**તંત્રી**
શ્રી વિઠ્ઠલભાઈ હરિભાઈ ઘાડિયા
મો. ૮૮૬૬૦ ૩૨૮૮૮

**સહતંત્રી**
શ્રી દિવ્યેશ વેકરિયા
મો. ૯૮૭૯૧૧૯૨૦૪

લે-આઉટ ડિઝાઈન : યોગેશ પટેલ



**શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ - હોદ્દેદારશ્રીઓ**
પ્રમુખ : શ્રી દેવજીભાઈ સોજીત્રા
ઉપપ્રમુખ : શ્રી મનોજભાઈ ડોબરિયા
ઉપપ્રમુખ : શ્રી ભનુભાઈ મેશિયા
મંત્રી : શ્રી સંજય સાવલિયા
સહમંત્રી : શ્રી જગદીશભાઈ સાકરિયા
ખજાનચી : શ્રી મગનભાઈ પટેલ



Published by : Vithalbhai Haribhai Ghadia
on behalf of Shree Saurashtra Patel Kelavani Mandal,
Gulbai Tekra, Ellisbridge, Ahmedabad - 380 006. Gujarat.
Tel. No. 079 - 26307099, 8866032888 and
Printed by: Kewal Offset, F-11-38, Ravi Estate, Nr. Torrent
Power Subsation, Dudheshwar, Ahmedabad-4, Gujarat.
OWNER : SHREE SAURASHTRA PATEL KELAVANI MANDAL

# 'પટેલ સુવાસ' : લવાજમ બાબત

**લવાજમ દર**

| વર્ષ | લવાજમ |
|---|---|
| ૧ | રૂ.૩૦૦/- |
| ૩ | રૂ. ૭૫૦/- |
| ૧૦ | રૂ. ૨૦૦૦/- |
| લગ્ન વિષયક : ૧ માસ માટે | રૂ. ૫૦૦/- |

| ધંધાકીય જાહેરાત | વાર્ષિક રૂા. |
|---|---|
| એ - કવર પેજ આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૮૦,૦૦૦/- |
| બી - અંદરનું આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૬૦,૦૦૦/- |
| સી - અડધું પાનુ મલ્ટીકલર | રૂ.૩૦,૦૦૦/- |

ધંધાકીય જાહેરાત માસિક / ત્રિમાસિક ધોરણે પણ સ્વિકારવામાં આવશે.

**લવાજમ સ્વિકારવાનું સ્થળ :**

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ,
  ગુલાબાઈ ટેકરા, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
- બાપુનગર : પટેલવાડી, ઘંટી સ્ટેન્ડ પાસે.
- મણીનગર : પટેલ સમાજની વાડી.

**આ અંકમાં રેપર ઉપર છપાયેલી તારીખ તમારૂ લવાજમ પુરૂ થવાનું સુચન કરે છે.**
**તો વહેલી તકે નવું લવાજમ ભરીને 'પટેલ સુવાસ' માસિક મેળવતાં રહો.**

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

વેબસાઈટ : **www.sspkm.org**
ઈ-મેઈલ : **sphostel@gmail.com**
ફોન નંબર : **(079) 26307099, 88660 32888**
મોબાઈલ નંબર : **90999 26383, 96626 90502** (વોટ્સએપ માટે)

.................................................................................................................

મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) વેબસાઈટ : **www.pateljeevansathi.org**
'પટેલ સુવાસ'માં લગ્ન વિષયક જાહેરાત આપેલ હશે, તેમને મેટ્રીમોનીયલ વેબસાઈટ પર એક વર્ષ માટે ફ્રી લીસ્ટીંગ આપવામાં આવશે.
અન્ય માટે લીસ્ટીંગ ચાર્જ વાર્ષિક રૂ.૫૦૦ લેવામાં આવશે.

**આ વેબસાઈટ પરથી અનેક યુવક-યુવતિઓ (કપલ્સ) જીવનસાથી પસંદ કરીને જીવનમાં સેટ થયા છે. તે સૌને ખૂબ ખૂબ અભિનંદન...**


**જે પાત્રો લગ્નજીવનથી જોડાઈ ચૂક્યા હોય તેઓએ ફોન કરીને જાણ કરવી. જેથી તેમનું નામ લીસ્ટ / વેબસાઈટમાંથી કમી કરી શકાય.**

# આંગણે દીકરી રૂપી ફુલ ખિલશે,
# તો વસંતને પણ મુરઝાવાનો ડર નહિં લાગે...

નારી એ ઈશ્વરની એક અનન્ય અને અમૂલ્ય ભેટ છે. આપણા શાસ્ત્રોમાં નારીનું સ્થાન વિશિષ્ઠ છે અને વેદોમાં પણ સ્ત્રીને શક્તિ સ્વરૂપા ગણીને તેનો મહિમા ગવાયો છે. દેવો દ્વારા અસુરોનો સંહાર ન થઈ શક્યો ત્યારે સ્ત્રી (દેવી)નું આહ્‌વાન કરવામાં આવ્યુ હતું. ઋષિઓ અને સંતોએ પણ નારીનો મહિમા ગાઈને તેમને એક ગરિમા બક્ષી છે.'નારી તુ નારાયણી' એ રૂપે નારીને નારાયણ સ્વરૂપ પણ ગણવામાં આવી છે એથી જે ઘરમાં સ્ત્રીઓનો વાસ છે તે ઘરમાં દેવતાઓ રમે છે. સ્ત્રીમાં મા મમતાનું રૂપ, પત્ની પાર્વતીનું રૂપ અને દિકરી એ લક્ષ્મીનું રૂપ ગણાય છે. આમ પુરાતન કાળથી સમાજમાં સ્ત્રી પૂજનીય છે. જોકે, સમયાંતરે નારીનું સ્થાન અને દરજ્જો જોખમમાં મુકાતા રહ્યા છે. આજના ભૌતિકવાદી યુગમાં તો સ્ત્રીઓ અણગમાનું કારણ પણ બની રહી છે. પુરૂષ પ્રધાન સૃષ્ટિમાં સ્ત્રીનું અસ્તિત્વ જાણે જોખમાઈ રહ્યું છે.

ભારત જેવા પૌરાણિક સંસ્કૃતિ ધરાવતા દેશમાં પણ હવે સ્ત્રી અણગમાનું પાત્ર બની છે. વર્તમાન સમયમાં ભદ્ર સમાજમાં દિકરીનાં જન્મને વધાવવાને બદલે વખોડવાની ફેશન ચાલી રહી છે. હાલમાં જાહેર થયેલા સ્ત્રી-પુરૂષ જન્મ દર અંગેના એક રિપોર્ટે આ બાબત ઉજાગર કરી છે.

સ્વાર્થ, મહત્વકાંક્ષા અને પુરૂષવાદના મોહમાં  સ્ત્રીભૃણ હત્યાનું પાપ થઈ રહ્યું છે અને તેને લીધે સામાજિક સંતુલન ખોરવાઈ રહ્યું છે. જોકે, વિશ્વમાં સ્ત્રીનો મહિમા ગવાય એટલા માટે ૮મી માર્ચના દિવસે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વ મહિલા દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. મહિલા સશક્તિકરણનાં આવા પગલાંને ધ્યાને લઈને 'પટેલ સુવાસ' દ્વારા માર્ચ માસનો આ અંક 'નારીશક્તિ વિશેષ'ની થીમ પર તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં ભારત યુગમાં અવતારધારીણી નારીઓની વિશેષ ગાથા ગવાઈ છે.



આપણે આવનારી પેઢી સાથે વિરાસત અને સંસ્કૃતિના વૈભવની વાતો માંડવી હશે તો સૌપ્રથમ દિકરા-દિકરીનો ભેદ મિટાવવો પડશે. દિકરીને 'સાપનો ભારો' માનવાને બદલે 'કુટુંબનો સહારો' માનવી પડશે. કારણ કે એક દિકરી બે કૂળની તારણહાર બની રહે છે.

**આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના..**
**ફૂલો એ બીજું કઈ નથી પગલાં વસંતના..**

કવિ મનોજ ખંડેરિયાની આ પંક્તિ રૂપે વસંતના પગલાં એને ઘેર જ થાય, જેના ઘરે દિકરી અવતાર ધરે. કારણ કે દિકરી એ ફૂલ છે, જે દરેક બાગમાં નથી ખિલતુ. દિકરી એ વહાલનો દરિયો છે. આપણે સૌ દિકરા-દિકરી વચ્ચેનો ભેદ મિટાવી ઘરને એક મંદિર બનાવીએ અને તેમાં શ્રદ્ધાનો દિપક પ્રગટાવીએ.

**જય હિન્દ...**

# મહિલા સશક્તિકરણ માટે રક્તદાન શિબિર યોજાઈ





શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી મહિલા સશક્તિકરણના ભાગરૂપે શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ સંચાલિત કન્યા છાત્રાલય, નારણપુરા ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૪૦થી વધુ યુનિટ રક્તનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. મહિલાઓમાં રક્તનું પ્રમાણ વધે અને તેના થકી તેઓ રક્તદાન કરવામાં માટે વધુ પ્રોત્સાહિત થાય તે હેતુથી આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ સંચાલિત કુમાર છાત્રાલયનાં વિદ્યાર્થી તથા કાર્યકર હિમાંશુ પટોળીયા અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત બ્રાન્ચનાં યુવા સ્વયંસેવક તથા પ્રતિનિધિ પ્રતીક બચાણીએ યુવાનોમાં રક્તદાન કરવા માટે ઉત્સાહ વધે તે અંતર્ગત રક્તકણિકા પ્રોજેક્ટની શરૂઆત કરી છે. આ શિબિર સંદર્ભે તેમનું કહેવું છે કે, લોકો જ્યારે રક્તદાન કરતા હોય તે સમયે જે-તે સંસ્થા જરૂરિયાતના સમયે રક્ત પાછું આપશે તેવી ધારણા બાંધી લેતા હોય છે. સમાજમાંથી આ પ્રકારની માન્યતા દૂર થાય અને યુવાનોને પ્રેરણા આપી રક્તની જરૂરિયાતના સમય પર તે અન્ય યુવાનોને પ્રેરિત કરે અને રક્તદાનનો મહિમા વધારે તે ઉદ્દેશ્યથી આ યુવા મિત્રો અમદાવાદના અલગ-અલગ ગ્રુપોને રક્તદાન કરવા માટે પ્રેરણા આપી રક્તદાન શિબિરોનું આયોજન કરવા માટે સહયોગઆપી રહ્યા છે.

આ શિબિરને સફળ બનાવવા કન્યા છાત્રાલયની રક્તદાતા વિદ્યાર્થીનીઓ સહિત છાત્રાલય સ્ટાફનો પણ વિશેષ સહયોગ સાંપડ્યો હતો.

## સમાજ ગૌરવ



# મિલન બોરડની ઝળહળતી સફળતા

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલયના વિદ્યાર્થી મિલન ગોરનધભાઈ બોરડ (ગામ- રામગઢ, જિ.અમરેલી) એ ચાલુ વર્ષે (ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા) ICW દ્વારા લેવાતી કોસ્ટ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ (CMA) ની પરીક્ષામાં ઉતિર્ણ થઈને ઝળહળતી સફળતા મેળવી છે.

તેમને ખુબ ખુબ અભિનંદન...

# મોટીવેશનલ કાર્યક્રમથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયા

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલયમાં તા.૧૬-૨-૨૦૧૮ને શુક્રવારના રોજ છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે મોટીવેશનલ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

આ પ્રસંગે વક્તા તરીકે અમદાવાદના બેસ્ટ સ્પીકર તરીકેનો એવોર્ડ મેળવેલ અને ગાંધીનગરનાં અક્ષરધામ સ્વામીનારાયણ મંદિરમાં ગાઈડ તરીકેની સેવા આપતા શ્રી જયેશભાઈ માંડણકા હાજર રહ્યા હતા. (દર વર્ષે યોજાતી મેડીકલ કોન્ફરન્સના તેઓ ખુદ લીડર છે.)

આ કાર્યક્રમની શરૂઆત ધુન અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. બાદમાં ટૂંકી વિગતોની ઝાંખી આપવામાં આવી હતી. જેમાં સ્વામિનારાયણની બીએપીએસ (બેપ્સ) સંસ્થામાં ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓથી છાત્રાલયના વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

બાદમાં જયશેભાઈએ વિદ્યાર્થીઓના મિત્ર બની ખૂબ જ અદભુત માર્ગદર્શન આપ્યુ હતું અને તેમને પ્રોત્સાહીત કરાયા હતા. ત્યારબાદ આરતી કરીને આ કાર્યક્રમની પુર્ણાહૂતિ કરાવામાં આવી હતી અને સૌને પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

છાત્રાલયના વિદ્યાર્થીઓ કમલેશ શિંગાળા, મિશન, મિલન કાકડિયા, ઉર્વિશ શિંગાળા, ધવલ ભિમાણી, વિવેક ગુજરાતી વિગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

**આયોજન**

## સમસ્ત પાટીદાર સમૂહલગ્નોત્સવ

દુબઈ સ્થિત પાટીદાર ભાઈ શ્રી રાજેશભાઈ પટેલ દ્વારા પાટીદાર સમાજની ૨૨ કન્યાઓ માટે સમૂહલગ્નોત્સવનું ખાસ આયોજન તા. ૨૦-૫-૨૦૧૮ના રોજ સાબરમતી રીવરફ્રન્ટ, અમદાવાદ ખાતે કરવામાં આવેલ છે. ફક્ત ૨૨ કન્યાઓ માટે જ આ આયોજન કરેલ છે. તો જરૂરિયાત વાળા પાટીદાર પરિવારે વહેલા તે પહેલાના ધોરણે આ સમૂહલગ્નમાં જોડાઈને લાભ લેવો.

ફોર્મ સંસ્થાના સરનામેથી મંગાવી સંપૂર્ણ વિગત ભરીને તથા જરૂરી સર્ટીફીકેટ સાથે બીડીને ફીની રકમ સાથે સમયસર સંસ્થામાં જમા કરાવી દેવું.

**ફોર્મ સ્વિકારવાની છેલ્લી તારીખ : ૩૦/૦૪/૨૦૧૮ છે.**

**: સંપર્ક સૂત્ર :**

શ્રી દેવજીભાઈ એમ. સોજીત્રા, મો.૮૮૬૬૦ ૩૨૮૮૮
શ્રી મગનભાઈ રામાણી, મો. ૯૮૭૯૫ ૮૧૮૮૦
શ્રી ગિરીશભાઈ જે. પટોળિયા, મો.૯૯૦૪૪ ૪૨૭૦૦
(રહે.) ૦૭૯-૨૭૬૪૫૩૩૨
શ્રી બાબુભાઈ વોરા, મો.૯૪૨૬૧૭૭૪૦૭

**'પટેલ સુવાસ'ની માલિકી અને અન્ય વિષયો સંબંધિત જાણકારી**

**ફોર્મ-૪**

| | | |
|---|---|---|
| ૧ | પ્રકાશન સ્થળ | : અમદાવાદ |
| ૨ | પ્રકાશનનો પ્રકાર | : માસિક |
| ૩-૪-૫ | મુદ્રક/પ્રકાશક/સંપાદકનું નામ | : વિઠ્ઠલભાઈ ઘાડિયા |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ |
| ૬. | તે વ્યક્તિઓના નામ અને સરનામા જે સમાચાર પત્રના માલિક હોય તથા જે સમસ્ત મુડીના એક ટકાથી વધુના ભાગીદાર કે હિસ્સેદાર હોય | : શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ |

હું દેવજીભાઈ પટેલ જાહેર કરૂ છુ કે, ઉપર દર્શાવેલ માહિતી મારી જાણકારી અને વિશ્વાસ મુજબ સત્ય છે.

દેવજીભાઈ પટેલ
(પ્રકાશકની સહી)